**બિડાણ:-પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.ડીપીપી/ન.વ.પે.યો/ પરિપત્ર/ ૬૦૧૬/૨૦૨૪ તા. ૨૫.૦૭.૨૦૨૪**

**વિષય:- નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ દરખાસ્ત રજૂ કરવા બાબત.**

---

**જા.નં.ન.કૃ.યુ./હિ.નિ./NPS/૨૩૮૧/૨૦૨૪ તા :-૦૧/૦૮/૨૦૨૪**

ઉપરોક્ત પરિપત્રમાં દર્શાવ્યા મુજબ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સમાવેશ થતાં અધિકારી/કર્મચારીઓને કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) તથા કાયમી નિવૃત ખાતા નંબર (PRAN) મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવે ત્યારે પરિપત્રની વિગત મુજબ અમલવારી કરવાની રહેશે.

**સામેલ :- ઉપર મુજબ.**

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના</u> :-**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/- **પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.ડીપીપી/ન.વ.પે.યો/ પરિપત્ર/ ૬૦૧૬/૨૦૨૪ તા. ૨૫.૦૭.૨૦૨૪ મુજબ અમલ થવા સારૂ.**

Directorate of Pension and Provident Fund
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી
(Finance Department, Gujarat State)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**************************************************************************

ડીપીપી/ન.વ.પે.યો/પરિપત્ર/૨૦૨૪ / 6016 તા.૨૫/૦૭/૨૦૨૪

વિષય:- નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ દરખાસ્ત રજુ કરવા બાબત.

પરિપત્ર:-

આથી પરિપત્ર કરવામાં આવે છે કે નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ સમાવેશ થતા અધિકારી/કર્મચારીઓનો કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) તથા કાયમી નિવૃતિ ખાતા નંબર (PRAN) મેળવવા માટે ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો.,૨૦૨૪ ના પ્રકરણ -3 ના નિયમ-૧૦(૪) ની જોગવાઈ મુજબ ખાતાના વડા દ્વારા પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ખાતે દરખાસ્ત મોકલવાની રહે છે. આ દરખાસ્તોમાં તા.૦૧/૦૮/૨૦૨૪ થી માત્ર નીચે દર્શાવેલ દસ્તાવેજો જ સામેલ રાખવાના રહેશે:

૧. ખાતા/વિભાગના વડા અથવા ખાતાના વડાએ અધિકૃત કરેલા અધિકારીનો ફોરવર્ડિંગ લેટર
૨. ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો.,૨૦૨૪ ના પ્રકરણ -3 ના નિયમ- ૧૦(૪) ની જોગવાઈ મુજબ સક્ષમ સત્તાધિકારીના સહી-સિક્કાવાળું પરિશિષ્ટ- ૨(ક) (બે નકલમાં)
૩. રાજ્ય પત્રિત અધિકારીઓના કિસ્સામાં નિમણૂંક હુકમ તથા બિન રાજ્યપત્રિત કર્મચારીઓના કિસ્સામાં નિયમિત નિમણૂંક હુકમની સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણીત નકલ
૪. ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો.,૨૦૨૪ ના પ્રકરણ -3 ના નિયમ-૧૨(૨), (૩) તથા (૪) ની જોગવાઈ મુજબ સક્ષમ સત્તાધિકારીના સહી-સિક્કાવાળું CSRF તથા OPGM ફોર્મ
૫. પાસબુકની IFSC વાળી નકલ અથવા અસલ કેન્સલ્ડ ચેક

આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજ સામેલ રાખવા નહિ.ઉપરોક્ત તમામ દસ્તાવેજો એક જ નકલમા પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ખાતે મોકલવાના રહેશે.વધુમાં,પત્રક તથા ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો આપશ્રીની કક્ષાએથી યોગ્ય ચકાસણી કર્યા બાદ જ દરખાસ્ત અત્રે રજૂ કરવાની રહેશે.

નાયબ નિયામક
એનપીએસ

નકલ રવાના પ્રતિ,
(૧) તમામ ખાતાના વડા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ

(૨) તમામ ઉપાડ અને ચુકવણી અધિકારી તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારુ

(૩) તમામ તિજોરી અધિકારી તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારુ

(૪) સિલેક્ટ ફાઇલ